# માહિતી પુસ્તિકા

## સ્નાતક કક્ષાના એ-ગ્રુપના અભ્યાસક્રમ
## બી.ટેક (ડેરી ટેકનોલોજી)માં
## પ્રવેશ અંગેની માહિતી





**શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯**



KAMDHENU UNIVERSITY

सर्वभूतहिते रताः




**કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર**

Website : www.ku-guj.org

**કામધેનુ યુનિવર્સિટી હસ્તકની કોલેજોમાં એ-ગ્રુપ બી.ટેક (ડેરી ટેકનોલોજી)ના ચાલતા સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમની માહિતી :**

આ માહિતી પુસ્તિકામાં કામધેનુ યુનિવર્સિટીમાં ચાલતા એ-ગ્રુપ બી.ટેક (ડેરી ટેકનોલોજી) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની માહિતી આપેલ છે. અભ્યાસક્રમમાં પ્રવેશ, કોર્સ સીલેબસ તેમજ વિનીમયોમાં સુધારા વધારા કરવાની તમામ સત્તા યુનિવર્સિટીને અબાધિત રહેશે અને વિદ્યાર્થી અને યુનિવર્સિટીનાં હિતમાં જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે.

પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહિ.

**કિંમત રૂપીયા ૨૦/-**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧. | સંપર્ક સુત્રો | ૨ |
| ૨. | પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર | ૨ |
| ૩. | પ્રવેશ ક્ષમતા | ૩ |
| ૪. | પ્રવેશ લાયકાત | ૪ |
| ૫. | ઉંમર | ૬ |
| ૬. | અનામત બેઠકો અને પાત્રતા | ૬ |
| ૭. | મેરીટ લિસ્ટ તૈયાર કરવું | ૧૦ |
| ૮. | ફીનું માળખું | ૧૧ |
| ૯. | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો | ૧૪ |
| ૧૦. | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૧૪ |
| ૧૧. | કોલેજ ખાતે હાજર થવું | ૧૫ |
| ૧૨. | એન્ટી રેગીંગ | ૧૬ |
| ૧૩. | વિદ્યાર્થીનીને થતી હેરાનગતી બાબત | ૧૬ |
| ૧૪. | ડિસ્કલેઈમર | ૧૬ |

| ૧. | સંપર્ક સુત્રો : | | |
|---|---|---|---|
| **ક્રમ** | **યુનિવર્સિટી/કોલેજ** | **હોદ્દો** | **ફોન** |
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર-૩૮૨૦૧૦ | મદદનીશ કુલસચિવ (એકેડેમીક) | ૦૭૯-૨૩૨૨૦૭૧૩ |
| ૨ | કોલેજ ઓફ ડેરી સાયન્સ (અંગભૂત), કામધેનુ યુનિવર્સિટી, અમરેલી-૩૬૫૬૦૧ | આચાર્ય | ૦૨૭૯૨-૨૨૯૪૫૬ |
| ૩ | કોલેજ ઓફ ડેરી સાયન્સ (સંલગ્ન) માનસિંહભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા-૩૮૪૦૦૨ | આચાર્ય | ૦૨૭૬૨-૨૫૩૨૦૧/ ૨૪૩૭૭૭ |

| ૨. | પ્રવેશ માટેનાં હેલ્પ સેન્ટર : | |
|---|---|---|
| **ક્રમ** | **કોલેજ / પોલીટેકનિક** | **સંપર્ક** |
| ૧ | કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગીભવન, બ્લોક-૧, વિંગ-બી૧, ચોથો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ | ૦૭૯-૨૩૨૨૦૭૧૩ |
| ૨ | કોલેજ ઓફ ડેરી સાયન્સ (અંગભૂત), બાલભવન સામે, લાઈબ્રેરી રોડ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી- ૩૬૫૬૦૧ | ૦૨૭૯૨-૨૨૯૪૫૬ |
| ૩ | કોલેજ ઓફ ડેરી સાયન્સ (સંલગ્ન) માનસિંહભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, દૂધસાગર ડેરી કેમ્પસ, મહેસાણા-૩૮૪૦૦૨ | ૦૨૭૬૨-૨૫૩૨૦૧ |
| ૪ | પોલીટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી (અંગભૂત), મુ.રાજપુર (નવા), તા.હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | ૦૨૭૭૨-૨૨૧૧૯૧ |

**★ હેલ્પ સેન્ટર તા. ૦૧/૦૬/૨૦૧૮ થી તા. ૨૫/૦૬/૨૦૧૮ સુધી ચાલુ રહેશે.**
**નોંધ : હેલ્પ સેન્ટર રજાના દિવસો સિવાય સવારે ૦૯.૩૦ થી સાંજે ૧૭.૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. ઉક્ત દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ છેલ્લામાં છેલ્લી માહિતી માટે વેબસાઈટ www.ku-guj.org ની મુલાકાત લેવી.**

**૩. પ્રવેશ ક્ષમતા (કેટેગરી પ્રમાણે) :**

કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના બી.ટેક (ડેરી ટેકનોલોજી) એ-ગ્રુપના અભ્યાસક્રમની પ્રવેશ ક્ષમતા અને સીટ મેટ્રીક્સ :

| ક્રમ | કોલેજ | ફી/મેનેજમેન્ટ બેઠકો | કુલ બેઠકો | અન્ય બોર્ડ | કુલ ઓપન બેઠકો | જનરલ | અનુસુચિત જાતિ (૭%) | અનુસુચિત જનજાતિ (૧૫%) | સા.શૈ.પ.વ. (૨૭%) | સેનાના કર્મચારી/ એક્સ આર્મી મેન (૧%) | દીવ્યાંગ (૫%) # | પારસી જાતિ (વધારાની) | કાશ્મીરી માઈગ્રેટ (વધારાની) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કોલેજ ઓફ ડેરી સાયન્સ, કામધેનુ યુનિવર્સિટી અમરેલી (અંગભૂત) | ફી | ૪૦ | ૨ | ૩૮ | ૧૯ | ૨ | ૬ | ૧૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૨ | કોલેજ ઓફ ડેરી સાયન્સ માનસિંહભાઈ ઇન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા-૩૮૪૦૦૨ (સંલગ્ન) | ફી | ૩૦ | ૨ | ૨૮ | ૧૪ | ૨ | ૪ | ૮ | - | ૧ | ૧ | ૧ |
| | | ***મેનેજમેન્ટ બેઠકો | ૧૦ | - | - | - | - | - | - | - | - | - | - |

**નોંધ :**

*** મેનેજમેન્ટ ક્વોટા બેઠકો માત્ર MIDFT મહેસાણા ખાતે કુલ પ્રવેશ ક્ષમતાની (૪૦) ૨૫% સીટો (૧૦) રાખવામાં આવેલ છે. મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો કોમન મેરિટ લીસ્ટમાંથી કોલેજ યુનિવર્સિટીની સુચનાનુસાર પોતાની રીતે ભરવાની રહેશે. આ બેઠક પર પ્રવેશ મેળવવા ઉમેદવારે માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી મહેસાણા ખાતે કોલેજ ઓફ ડેરી સાયન્સનો સંપર્ક કરવાનો રહેશે.

\# ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે.

ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે.

(i) ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક

(ii) કાશ્મીરી વિસ્થાપીતો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક બેઠક

| | | | | |
|---|---|---|---|---|
| **૪.** | **પ્રવેશ લાયકાત : બી.ટેક. (ડેરી ટેકનોલોજી)** | | | |
| ૪.૧ | ઉમેદવાર ગુજરાત રાજયનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ૧૦+૨ પધ્ધતિ અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધો.૧૨) વિજ્ઞાન પ્રવાહના ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણીત (એ ગ્રુપ અથવા એબી ગ્રુપ)ના વિષયો તથા અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા રાજ્ય સરકાર/યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડ કે યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોવી જોઈએ. આ ઉપરાંત પ્રવેશ ફોર્મ ભરવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની (૨૦૧૮) રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત GUJCET પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જોઈએ. | | | |
| ૪.૨ | બી.ટેક. (ડેરી ટેકનોલોજી) અભ્યાસક્રમ માટે ધો.૧૨ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણીત (એ ગ્રુપ અથવા એબી ગ્રુપ)નાં વિષયોની થિયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | | |
| | (i) | અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ માટે (SC) | | ૩૫% |
| | (ii) | અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે (ST) | | ૩૫% |
| | (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનાં વિદ્યાર્થીઓ માટે (SEBC) | | ૪૦% |
| | (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | | ૪૦% |
| ૪.૩ | પ્રવેશ માટે ઉમેદવારે (ધો.૧૨) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા નીચેના બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ : | | | |
| | (A) | ગુજરાત બોર્ડ અથવા | | |
| | (B) | માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડ કે જેઓને પ્રો-રેટાને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. | | |
| | | **(i)** | **સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન** | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ, અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં આવેલી હોય અને તેના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. | |
| | | **(ii)** | **કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ્સ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી** | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ, અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં આવેલી હોય અને તેના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. | |
| | | **(iii)** | **નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગ** | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ, અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં આવેલી હોય અને તેના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. | |
| | | **(iv)** | **ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ** | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ, અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં આવેલી હોય અને તેના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. | |

| | | |
|---|---|---|
| | (C) જો ઉમેદવાર ગુજરાત રાજ્યના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય, તો પ્રવેશ માટેની ન્યુનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. જો કે, આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના જૂદા જૂદા ગુણ દર્શાવતી માર્કશીટ રજૂ કરવાની રહેશે તેમજ ચાલુ વર્ષની (૨૦૧૮) GUJCET પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જોઈએ. | |
| ૪.૪ | જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર નીચે દર્શાવેલ નોકરીની કેટેગરીમાં નોકરી કરતા હોય, તેણે H.S.C. (એચ.એસ.સી.,ધો.૧૨) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા તેના માતા-પિતા નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય અને GUJCET પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે (૨૦૧૮) આપેલી હોય તો તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે. આવા ઉમેદવારોનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | |
| ૪.૫ | ઉમેદવારે H.S.C. (એચ.એસ.સી., ધો.૧૨) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલ હોય અને | |
| | (I) | GUJCET અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે (૨૦૧૮) માં આપેલ હોય, અને |
| | (II) | તેના માતા-પિતા નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને |
| | (III) | તેના માતા-પિતાની બદલી ગુજરાત રાજ્યમાં થઈ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ બીજા પ્રકારના મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે |
| **નોકરીની કેટેગરી :** | | |
| (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા | |
| (b) | કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા | |
| (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા | |
| (d) | ગુજરાત રાજ્યમાં આવેલ UNO/UNICEF/WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાઓના અધિકારી/કર્મચારી, અથવા | |
| (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી /કર્મચારી કે જેઓ ગુજરાત રાજ્યમાં કે ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા | |
| (f) | ગુજરાત રાજ્ય સરકારના અધિકારી/ કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. | |
| | **જે ઉમેદવારે** | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૮ સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને |
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને |
| | (iv) | GUJCET પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે (૨૦૧૮) આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ બીજા પ્રકારના મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે. |
| | **નોંધ :** “જવાહર નવોદય વિદ્યાલય” યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) દ્વારા સંચાલિત છે. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪.૬ | રૂલ નં ૪.૨ માં દર્શાવેલ જે-તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની ન્યુનતમ પ્રવેશ લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારને જ નીચે મુજબના ભારાંક (Weightage) નો લાભ મળવાપાત્ર છે. | | | |
| | ઉમેદવાર પોતે પશુપાલક / પશુપાલકના પુત્ર/પુત્રી/ભાઈ/બહેન/પૌત્ર/પૌત્રી હોય તો તેને વધારાના ૫% ગુણ (ભારાંક - Weightage) મળવાપાત્ર છે. જે માટે ઉમેદવારે સક્ષમ અધિકારીઓએ જેવા કે, સેક્રેટરી, ચેરમેન, મિલ્ક કો ઓપરેટીવ સોસાયટી અથવા પ્રાયમરી એગ્રીકલ્ચર કો ઓપરેટીવ સોસાયટી, સરપંચ, તલાટી, ધારાસભ્ય અથવા સાંસદ સભ્ય પાસેથી જરૂરી પ્રમાણપત્ર લાવવાનું રહેશે. | | | |
| ૪.૭ | રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નીચે મુજબ વધારાના માર્ક આપવામાં આવે છે : | | | |
| | **ક્રમ** | **સ્પર્ધા** | | **વધારાના ટકા (%)** |
| | (i) | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | ૭ |
| | (ii) | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | ૧ |
| | | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫ |
| | | (b) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩ |
| | | (c) | તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨ |
| | (iii) | રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | | |
| | | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧ |
| | | (b) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫ |
| | **નોંધ** : અરજદારને યુનિવર્સિટીમાં તેના અભ્યાસકાળ દરમ્યાન એક જ વખત (મહત્તમ) આ લાભ મળશે. | | | |
| **૫** | **ઉંમર** | | | |
| | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની ૩૧મી ડીસેમ્બરે ઓછામાં ઓછા ૧૭ વર્ષ પુરા કરેલા હોવા જોઈએ. | | | |
| **૬** | **અનામત બેઠકો અને પાત્રતા :** | | | |
| ૬.૧ | **યુનિવર્સિટી દ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે :** | | | |
| | (૧) ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | | | ૧૦૦%* |
| | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે : | | | |
| | અનુસૂચિત જાતિ (SC) | ૭% | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. | |
| | અનુસૂચિત જનજાતિ (ST) | ૧૫% | | |
| | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) (ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોય તેવા) | ૨૭% | ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત | |
| | દિવ્યાંગ (PC) | ૫% | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે – તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. | |
| | સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો (Ex-Army) | ૧% | – | |

| | | |
|---|---|---|
| | યુનિવર્સિટી દ્વારા કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા રૂલ નં ૪.૨માં દર્શાવેલ જે-તે અભ્યાસક્રમની ન્યુનત્તમ લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે - તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી. | |
| | * સ્વનિર્ભર કોલેજમાં રૂલ નં. ૩માં દર્શાવેલ બેઠકોમાં ૨૫% બેઠકો મેનેજમેન્ટ ક્વોટાની રહેશે. | |
| ૬.૨ | **અનામત બેઠકો માટે સામાન્ય શરતો :** | |
| | વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધિન રહેશે. | |
| | ૧ | કોઈપણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે. |
| | ૨ | કોઈપણ સંજોગોમાં કોઈપણ કેટેગરીની અમૂક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોને કારણે ખાલી રહેશે તો તેને જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે અને તે જનરલ કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે. |
| ૬.૩ | **અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો :** | |
| | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. જે હાલમાં નીચે મુજબ છે : | |
| | ૧ | ૨૨% બેઠકો આ બન્ને પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની ૭% બેઠકો અનુસૂચિત જાતિ અને ૧૫% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે. |
| | ૨ | જે ઉમેદવારો તેના મેરીટ પ્રમાણે ઓપન કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી. |
| **નોંધ** | A | આ બન્ને અનામત બેઠકોના ગ્રુપ પૈકી કોઈ એક ગ્રુપમાં ઓછા અરજદારોને લીધે બેઠકો ખાલી રહે તો એકબીજીની નિર્ધારીત ૭% અને ૧૫% અનામત બેઠકોમાં પ્રવેશ આપી શકાશે. એક બીજામાં તબદીલ કરી પ્રવેશ આપી શકાશે. |
| | B | આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવારો હોય તો તેમને જે - તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે. |
| | C | અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરીનું ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીના સહી સિક્કા વાળુ/દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન વખતે જાતિ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| ૬.૪ | **સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવાર :** | |
| | ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારો માટે ૨૭% બેઠકો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરોતોને આધિન છે : | |
| | ૧ | આ કેટેગરીની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતાની જાતિનો સમાવેશ સા.શૈ.પ.વ.માં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારીના સહી સિક્કા વાળુ/દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | ૨ | સા.શૈ.પ.વ. ના ઉમેદવારે ''ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી'' તે મતલબનું સક્ષમ અધિકારીના સહી સિક્કા વાળુ/દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક |

| | | | |
|---|---|---|---|
| | | | વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની તા.૧/૪/૨૦૧૮ પછીની તારીખનું અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ). |
| | ૩ | | સા.શૈ.પ.વ.ના જે ઉમેદવાર મેરીટના ધોરણે ઓપન કેટેગરીમાં પ્રવેશ મેળવવા પાત્ર હશે તો તેનો સમાવેશ અનામત બેઠક પર કરવામાં આવશે નહીં. |
| | ૪ | | સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે માટેના સક્ષમ અધિકારીના સહી સિક્કા વાળુ/દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| **૬.૫** | **દિવ્યાંગ ઉમેદવારો :** | | |
| | ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. આ બેઠકો જે - તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે : | | |
| | ૧ | | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશપાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો |
| | | (a) | કુલ શારિરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઈન સહિત) ૫૦% કરતા વધારે હોય. |
| | | (b) | પગની દિવ્યાંગતા ૫૦% કરતા વધારે હોય. |
| | | (c) | હાથની દિવ્યાંગતા હોય. |
| | | (d) | દ્રષ્ટીની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય. |
| | | (e) | ક્રમશઃ વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય. |
| | | (f) | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો / ફિલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય. |
| | ૨ | | એક પગ અને હાથ (Partial) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવાર તેમની બેઠકો પર પ્રવેશ મેળવવા અરજી કરી શકશે. જો કે આવા દિવ્યાંગ ઉમેદવારે તે પોતે જે - તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો / ફીલ્ડ વર્ક કરવા માટે સક્ષમ છે, તે મતલબનું જે-તે વિભાગના નિષ્ણાંત ડોકટરોના અભિપ્રાયના આધારે સરકારી હોસ્પીટલના સિવિલ સર્જન / મેડિકલ સુપ્રીટેન્ડન્ટ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પ્રવેશ દિવ્યાંગ કેટેગરીના મેરીટના આધારે આપવામાં આવશે. |
| | ૩ | | દિવ્યાંગ ઉમેદવાર તેની કેટેગરી માટે જરૂરી ન્યુનતમ લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| | ૪ | | દિવ્યાંગ ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન સમયે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગ માટેની અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| **૬.૬** | **સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક** | | |
| | સેનાના કર્મચારીના સંતાનો માટે ૧% બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |

| | | | |
|---|---|---|---|
| | ૧ | સેનાના કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફીસર અથવા જે તે કમાન્ડીંગ ઓફીસર (ફરજ પર ચાલુ કર્મચારીએ)નું જરૂરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. | |
| | ૨ | ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરનાર સેનાના કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન-અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. | |
| | ૩ | મૂળ ગુજરાત રાજ્યના સેનાના કર્મચારીના સંતાનોનો સમાવેશ અનામત કેટેગરી અંતર્ગત થતો હોય અને તેમણે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેઓનો સમાવેશ આ કેટેગરી અંતર્ગત નક્કી કરાયેલ અનામત કેટેગરીમાં કરવાનો રહેશે. | |
| | ૪ | ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ન્યુનત્તમ લાયકાત ધરાવતો હોવો જોઈએ. | |
| | ૫ | સેનાના કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન સમયે આવુ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. | |
| ૬.૭ | **પારસી જાતી :** | | |
| | રૂલ નં ૩ માં દર્શાવેલ પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે | | |
| | ૧ | ગુજરાત રાજ્યના વતની એવા પારસી જાતિના ઉમેદવારો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં એક- એક વધારાની બેઠક રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદિલ થઈ શકશે નહીં. | |
| | ૨ | પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. | |
| | ૩ | પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન સમયે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. | |
| ૬.૮ | **કાશ્મીરી વિસ્થાપિતો :** | | |
| | રૂલ નં ૩ માં દર્શાવેલ પ્રવેશ ક્ષમતા ઉપરાંત નીચે મુજબની વધારાની બેઠકો રહેશે | | |
| | કાશ્મીરી વિસ્થાપીતો માટે યુનિવર્સિટીની દરેક કોલેજમાં વધારાની એક-એક બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન ભરવામાં આવશે: | | |
| | ૧ | પ્રવેશ વખતે ઉમેદવારને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે | |
| | | (i) | પ્રવેશની તારીખમાં ૩૦ દિવસની છૂટછાટ |
| | | (ii) | ન્યુનત્તમ પ્રવેશ લાયકાતમાં કટ ઓફ ટકાવારીમાં ૧૦% ની છૂટછાટ |

| | | | |
|---|---|---|---|
| | | (iii) | વતની હોવાના પ્રમાણપત્રની જરૂર નથી |
| | | (iv) | બીજા અને ત્યારબાદના વર્ષોમાં કોલેજ સ્થળાંતરમાં છૂટછાટ |
| | | (v) | પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી. |
| | ૨ | આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા મોકલાવાયેલ હોય તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે. | |
| | ૩ | ઉમેદવાર જમ્મુ કાશ્મીરમાંથી જે રાજ્યમાં સ્થાળાંતરિત થયેલ હોય તે રાજયના ડેપ્યુટી કમીશ્નરનું તે મતલબનું રજીસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશન કાર્ડ રજૂ કરવાનું રહેશે. | |
| | ૪ | આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિત સામાન્ય થાય ત્યાં સુધી જ લાગુ પડશે. | |
| | ૫ | અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે સક્ષમ સત્તાધિકારી દ્વારા ઉપર જણાવ્યા મુજબના માન્યતા પ્રાપ્ત અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો વેરીફીકેશન સમયે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલિક અસરથી રદ થશે. | |
| **૭.** | **મેરીટ લિસ્ટ :** | | |
| A | બી.ટેક. (ડી.ટી.) અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નિયત સમય મર્યાદામાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની ન્યુનત્તમ લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોનું મેરીટ યાદી નીચે પ્રમાણે બનાવવામાં આવશે : | | |
| | ૧ | ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને ગણિત (ગ્રુપ-એ અને ગ્રુપ-એબી) PCM વિષયોની ફક્ત થીયરીમાં (ગ્રેસીંગ માર્ક સિવાય) મેળવેલ કુલ ગુણના ૬૦% ભારાંક તથા લાગુ પડતી GUJCET કે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય પ્રવેશ પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૪૦% ભારાંકને ધ્યાને લઈને મેરીટ યાદી બનાવવામાં આવશે. | |
| | ૨ | મધ્યસ્થ પ્રવેશ સમિતિ નીચે મુજબના ગ્રુપ વાઇઝ અલગ અલગ મેરીટ લિસ્ટ જાહેર કરશે, જેવા કે : | |
| | | I | ગુજરાત બોર્ડમાંથી ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોના મેરીટ યાદી (પ્રથમ મેરીટ યાદી). પૈકીના અનામત કેટેગરીના ઉમેદવારોની મેરીટ યાદી કેટેગરી વાઇઝ અલગથી બનાવવામાં આવશે. |
| | | II | કેન્દ્રિય અને અન્ય બોર્ડમાંથી તથા કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોની મેરીટ યાદી (દ્વિતીય મેરીટ લીસ્ટ) બનાવવામાં આવશે. |
| | | III | વિકલાંગ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ |
| | | IV | સેનાના કર્મચારીના સંતાનોનું મેરીટ લીસ્ટ |
| | | V | પારસી જાતીના ઉમેદવારોનું મેરીટ લીસ્ટ |
| | | VI | કાશ્મીરી વિસ્થાપિતોનું મેરીટ લીસ્ટ |
| | ૩ | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્ક્સ એકસરખા થશે તો તેઓનું મેરીટ લીસ્ટ નીચે પ્રમાણેના ધારાધોરણો મુજબ ક્રમશઃ સરખામણી કરી બનાવવામાં આવશેઃ | |

| | | | |
|---|---|---|---|
| | | (I) | જે ઉમેદવારે (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) ગણિત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય. |
| | | (II) | જે ઉમેદવારે (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) ભૌતિક વિજ્ઞાન વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય. |
| | | (III) | જે ઉમેદવારે (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) રસાયણ વિજ્ઞાન વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય. |
| | | (IV) | જે ઉમેદવારે (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય. |
| | | (V) | ધોરણ-૧૨માં મેળવેલ કુલ માર્ક્સ અને |
| | | (VI) | જે ઉમેદવારની વય વધારે હોય |

**૮. ફીનું માળખું :**

**૮.૧ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ફી/ડીપોઝીટનું ધોરણ નીચેના કોષ્ટકમાં આપેલ છે :**

**(I) કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત કોલેજમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ફી / ડીપોઝીટનું ધોરણ નીચેના કોષ્ટકમાં આપેલ છે :**

| ક્રમ | ફી / ડીપોઝીટની વીગત | (રકમ) (રૂ.) | |
|---|---|---|---|
| | | **છોકરા માટે** | **છોકરીઓ માટે** |
| **A.** | **તમામ નવા વિદ્યાર્થીઓએ પ્રથમ રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| | કોશન મની | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | હોસ્ટેલ ડીપોઝીટ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | મેસ ડીપોઝીટ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| | ઈલેક્ટ્રિક ડીપોઝીટ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| | ઓળખપત્ર ફી | ૫૦ | ૫૦ |
| | થેલેસેમીયા ટેસ્ટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ** | **૫૭૦૦** | **૫૭૦૦** |
| **B.** | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ ફી | ૧૦૦ | ૧૦૦ |
| | મેગેઝીન ફી | ૧૦૦ | ૧૦૦ |
| | સ્ટુડન્ટ એઈડ ફંડ | ૫૦ | ૫૦ |
| | જનરલ એમીનિટી | ૨૦૦ | ૨૦૦ |
| | **કુલ** | **૪૫૦** | **૪૫૦** |
| **C.** | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| | રજીસ્ટ્રેશન ફી | ૫૦૦ | ૫૦૦ |
| | શિક્ષણ ફી | ૩૫૦૦ | - |

| | | | |
|---|---|---|---|
| | લાઈબ્રેરી ફી | ૫૦૦ | ૫૦૦ |
| | પરીક્ષા ફી | ૫૦૦ | ૫૦૦ |
| | જીમખાના ફી | ૨૦૦ | ૨૦૦ |
| | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ફી | ૨૦૦ | ૨૦૦ |
| | પ્રયોગશાળા ફી | ૫૦૦ | ૫૦૦ |
| | હોસ્ટેલ ફી | ૧૫૦૦ | - |
| | માર્કશીટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ** | **૭૫૫૦** | **૨૫૫૦** |
| | **સમગ્ર કુલ (A+B+C)** | **૧૩૭૦૦** | **૮૭૦૦** |
| **(II)** | **કામધેનુ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ ઓફ ડેરી સાયન્સ, માનસિંહભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા ખાતે ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ફી/ડીપોઝીટનું ધોરણ નીચેના કોષ્ટકમાં આપેલ છે :** | | |

| **ક્રમ** | **ફી / ડીપોઝીટની વીગત** | **(રકમ) (રૂ.)** | |
|---|---|---|---|
| | | **ફી સીટ માટે** | **મેનજમેન્ટ ક્વોટાની સીટ માટે** |
| **A.** | **તમામ નવા વિદ્યાર્થીઓએ પ્રથમ રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | |
| | કોશન મની | ૨૦૦૦ | ૨૦૦૦ |
| | હોસ્ટેલ ડીપોઝીટ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| | મેસ ડીપોઝીટ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| | ઈલેક્ટ્રિક ચાર્જિસ (ડીપોઝીટ) | ૪૦૦૦ | ૪૦૦૦ |
| | ઓળખપત્ર ફી | ૧૦૦ | ૧૦૦ |
| | થેલેસેમીયા ટેસ્ટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ** | **૧૩૨૫૦** | **૧૩૨૫૦** |
| **B.** | **દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | |
| | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ ફી | ૨૦૦ | ૨૦૦ |
| | મેગેઝીન ફી | ૧૦૦ | ૧૦૦ |
| | સ્ટુડન્ટ એઈડ ફંડ | ૧૦૦ | ૧૦૦ |
| | જનરલ એમીનિટી | ૪૦૦ | ૪૦૦ |
| | **કુલ** | **૮૦૦** | **૮૦૦** |

| | | | | |
|---|---|---|---|---|
| C. | **દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| | | રજીસ્ટ્રેશન ફી | ૫૦૦ | ૫૦૦ |
| | | શિક્ષણ ફી | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |
| | | લાઈબ્રેરી ફી | ૫૫૦ | ૫૫૦ |
| | | પરીક્ષા ફી | ૫૦૦ | ૫૦૦ |
| | | જીમખાના ફી | ૩૫૦ | ૩૫૦ |
| | | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ફી | ૩૫૦ | ૩૫૦ |
| | | પ્રયોગશાળા ફી | ૫૦૦ | ૫૦૦ |
| | | હોસ્ટેલ ફી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| | | માર્કશીટ ફી | ૧૫૦ | ૧૫૦ |
| | | મેનેજમેન્ટ ફી | ૦ | ૧૦૦૦૦૦ |
| | | કુલ | ૩૫૯૦૦ | ૧૩૫૯૦૦ |
| | | **સમગ્ર કુલ (A+B+C)** | **૪૯૯૫૦** | **૧૪૯૯૫૦** |
| | **(III)** | **કામધેનુ યુનિવર્સિટીની કોલેજ ઓફ ડેરી સાયન્સ,અમરેલી (અંગભુત કોલેજ) અને કોલેજ ઓફ ડેરી સાયન્સ, માનસિંહભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા (સંલગ્ન કોલેજ) ખાતે ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટેની અન્ય પ્રકારની ફી નીચેના કોષ્ટકમાં આપેલ છે :** | | |
| | | **અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે)** | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | a. | પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર | ૧૦૦ | ૧૦૦ |
| | | b. | પ્રોવીઝનલ પદવી પ્રમાણપત્ર | ૧૦૦ | ૧૦૦ |
| | | c. | ટ્રાન્સક્રીપ્ટ ફી (ફક્ત છેલ્લા સેમેસ્ટર માટે) | ૨૦૦ | ૨૦૦ |
| | | d. | સ્થળાંતર પ્રમાણપત્ર | ૨૦૦ | ૨૦૦ |
| | | e. | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | f. | પદવી પ્રમાણપત્ર | | |
| | | | પદવીદાન સમારંભમાં હાજર રહીને | ૫૦૦ | ૫૦૦ |
| | | | પદવીદાન સમારંભમાં ગેરહાજર રહીને | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | g. | ડુપ્લીકેટ પદવી પ્રમાણપત્ર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| | | h. | પુનઃ નોંધણી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| | | i | ડુપ્લીકેટ ગુણપત્રક | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | j. | ડુપ્લીકેટ ટ્રાન્સક્રીપ્ટ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| | | k. | ગ્રેડ વેરીફીકેશન | ૨૦૦ | ૨૦૦ |
| | | l. | નવું ઓળખપત્ર | ૫૦ | ૫૦ |

| | |
|---|---|
| | **નોંધ :** |
| (૧) | યુનિવર્સિટીની અંગભૂત કોલેજોમાં ભારતીય નાગરિકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે. પરંતુ સંલગ્ન (affiliated) કોલેજ MIDFTમાં વિધાર્થીનીઓને ફી માફી મળવાપાત્ર નથી. |
| (૨) | હોસ્ટેલમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીએ હોસ્ટેલ તથા મેસ ડિપોઝીટ ફી ભરવાની રહેશે. |
| (૩) | કામધેનુ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ ઓફ ડેરી સાયન્સ, માનસિંહભાઈ ઈન્સ્ટીટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા ખાતે બી.ટેક.(ડેરી ટેકનોલોજી)નાં અભ્યાસક્રમ માટે મેનેજમેન્ટ ક્વોટાની બેઠક માટે સેમેસ્ટર દીઠ અનુક્રમે રૂ.૩૫૯૦૦/- સામાન્ય ફી ઉપરાંત વધારાની ફી રૂ.૧,૦૦,૦૦૦/- પેટે ભરવાના રહેશે. |

| | | |
|---|---|---|
| **૮.૨** | **ફી પરત** | |
| | (૧) | ઉમેદવારે જો પ્રવેશ મેનેજમેન્ટ ક્વોટામાં મેળવેલ હોય અને ફરી ફી બેઠક (અંગભૂત/સંલગ્ન કોલેજ) પર પ્રવેશ મેળવે તો ઉમેદવારને રૂપિયા ૧૦૦૦/- પ્રોસેસિંગ ફી બાદ કરી બાકીની ફી પરત કરવાની રહેશે. |
| | (૨) | ઉમેદવારે સંલગ્ન કોલેજની ફ્રી બેઠક પર પ્રવેશ મેળવેલ હોઈ અને ત્યારબાદ ઉમેદવારને યુનિવર્સિટીની અંગભૂત કોલેજની ફ્રી બેઠક પર પ્રવેશ મેળવે તો ઉમેદવારને રૂપિયા ૫૦૦/- પ્રોસેસિંગ ફી બાદ કરી કોલેજે બાકીની ફી પરત કરવાની રહેશે. |
| | (૩) | ઉમેદવારે કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત કે સંલગ્ન કોલેજમાં પ્રવેશ મેળવી અને પછી રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કોઈપણ કોલેજમાં અથવા અન્ય યુનિવર્સિટીઓ/શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવે તો કોલેજે ઉમેદવારની રૂપિયા ૫૦૦/- અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠક માટે રૂપીયા ૧૦૦૦/- પ્રોસેસિંગ ફી બાદ કરી બાકીની ફી પરત કરવાની રહેશે. |
| | (૪) | યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર થયેથી ૩૦ દિવસ બાદ અંગભૂત કે સંલગ્ન કોલેજમાંથી જો કોઈ ઉમેદવાર પોતાનો પ્રવેશ રદ્દ કરાવે તો કોઈપણ સંજોગોમાં તેમણે ભરેલ ફી પરત મળશે નહીં. |
| | (૫) | કામચલાઉ પ્રવેશ મેળવેલ ઉમેદવારે યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ સમયમર્યાદામાં (એડમિશન મેમોમાં જણાવેલ તારીખ) જે તે કોલેજ ખાતે હાજર ન થાય તો તેવા સંજોગોમાં ઉમેદવારનો પ્રવેશ રદ્દ ગણવામાં આવશે. |
| **૯.** | **ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો :** | |
| | જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર / દસ્તાવેજ / માહિતી કોલેજ ખાતે તેના વિદ્યાશાખાધ્યક્ષ/આચાર્ય દ્વારા પ્રવેશ સમયે દસ્તાવેજ ચકાસણી દરમ્યાન ખોટી જણાશે તો, | |
| | ૧. | આવા ઉમેદવારનું નામ તે વર્ષની પ્રવેશયાદીમાંથી રદ કરવામાં આવશે. |
| | ૨. | ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત કરવામાં આવશે. |
| **૧૦.** | **અભ્યાસક્રમની સામાન્ય માહિતી :** | |
| | ૧. | શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે. |
| | ૨. | જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી વાઇઝ ન્યુનતમ પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પુર્ણસમયના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સક્ષમ અધિકારીએ છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના, દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. |

| ૧૧. | **કોલેજ ખાતે હાજર થવું :** | |
|---|---|---|
| | પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવારે મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલ તારીખો દરમ્યાન જે-તે કોલેજ ખાતે હાજર થયેથી યુનિવર્સિટીના વિદ્યાર્થી બનશે. અને તેમને નીચે જણાવ્યા મુજબની પૂર્તતા કરવાની રહેશે. | |
| | નીચે દર્શાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલો રજૂ કરવા | |
| | i. | ફી ભરેલ બેંકનું ચલણ / પહોંચ |
| | ii. | એસ.એસ.સી ( ધો-૧૦) પરીક્ષાની માર્કશીટ |
| | iii. | એચ.એસ.સી. (ધો-૧૨) પરીક્ષાની માર્કશીટ (જો થીયરી અને પ્રેકટીકલના અલગ-અલગ ગુણ માર્કશીટમાં ન દર્શાવેલ હોય તો તે બન્ને દર્શાવતું શાળાના આચાર્યશ્રીનુ પ્રમાણપત્ર) |
| | iv. | GUJCET પ્રવેશ પરીક્ષાની માર્કશીટ |
| | v. | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. |
| | vi. | જાતિનું પ્રમાણપત્ર (જો ઉમેદવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના હોય તો). સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની તા.૧/૪/૨૦૧૮ અથવા તે પછીથી અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૪/૨૦૧૬ની જોગવાઈ મુજબ). |
| | vii. | ગુજરાત રાજ્યના વતની હોવાનું પ્રમાણપત્ર, જો લાગુ પડતું હોય તો |
| | viii. | દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો |
| | ix. | નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, કે જે ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત અથવા ડિસ્ટ્રીકટ સૈનિક વેલ્ફેર ઓફિસર દ્વારા અપાયેલ હોય |
| | x. | સેનામાં કાર્યરત કર્મચારી હોવા અંગેનું જે-તે કમાન્ડીંગ ઓફીસરનું પ્રમાણપત્ર |
| | xi. | ફીઝીકલ ફીટનેસ અંગેનું રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર. જરૂર જણાશે તો ઉમેદવારનું શારીરિક પરીક્ષણ યુનિવર્સિટી મેડિકલ ઓફીસર/સરકારી સિવિલ હોસ્પિટલ દ્વારા કરવામાં આવશે. |
| | xii. | પ્રવેશ સમિતિ દ્વારા જરૂરી જણાય તેવા અન્ય પ્રમાણપત્રો |
| | xiii. | ત્રણ પાસપોર્ટ સાઇઝના ફોટા |
| | xiv. | પશુપાલક હોવા અંગેનું નિયમ ૪.૬ મુજબનું સક્ષમ અધિકારી/સત્તામંડળનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો. |
| | પસંદગી પામેલ ઉમેદવારે એડમીશન મેમોમાં દર્શાવેલ તારીખ સુધીમાં જે-તે કોલેજ ખાતે રજીસ્ટ્રેશન કરાવી હાજર થઈ જવું જરૂરી છે અન્યથા તેમનું એડમીશન રદ ગણવામાં આવશે. | |

| | |
|---|---|
| **૧૨.** | **એન્ટિ રેંગીગ :** |
| | યુનિવર્સિટીની કોલેજો ખાતે એન્ટિ રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઈ વિદ્યાર્થી રેગીંગ કરતા જણાશે તો તેને કાયદાનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ.આઈ.આર (FIR) દાખલ કરી શકાશે. |
| **૧૩.** | **વિદ્યાર્થિનીઓને થતી હેરાનગતી બાબત :** |
| | વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે યુનિવર્સિટીમાં મહિલા ફરીયાદ સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઈ પણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. |
| **૧૪.** | **ડિસક્લેઇમર :** |
| | આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓના શિસ્તના નિયમો, અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઈપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીને રહેશે. પ્રવર્તમાન વિનિયમો બદલવાથી કે સુધારા-વધારા કરવાથી કે અન્ય કોઈપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઈ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યકિતને કોઈ ખર્ચ થાય કે કંઈપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. |

- પ્રવેશ અરજી ફોર્મ ફી નોન રીફંડબેલ છે.
















**છેલ્લામાં છેલ્લી માહિતી માટે www.ku-guj.org વેબસાઈટની મુલાકાત લો**

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः

**કામધેનુ યુનિવર્સિટી**
કર્મયોગી ભવન, બ્લોક-૧, વીંગ બી-૧, ચોથો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦